# RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષઃ૨૦૧૯-૨૦માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલ્સરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨ (૧) ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં 25 % મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૧૯ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નીચે દર્શાવેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તે બાળકો આ યોજના હેઠળ અગ્રતાક્રમ મુજબ પ્રવેશપાત્ર બને છે

| ક્રમ | અગ્રતાક્રમ | ક્રમ | અગ્રતાક્રમ |
|---|---|---|---|
| ૧ | અનાથ બાળક | ૨ | સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક |
| ૩ | બાલગૃહના બાળકો | ૪ | બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો |
| ૫ | મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો | | |
| ૬ | HIV થી અસરગ્રસ્ત બાળકો | | |
| ૭ | ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો | | |
| ૮ | ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC, ST,SEBC,જનરલ તથા અન્ય) ના BPL કુંટુબના બાળકો | | |
| ૯ | અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરી ના બાળકો | | |
| ૧૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગ/ વિચરતી અને વિમુકત જાતિના બાળકો<br>સદર કેટેગરીમાં વિચરતી અને વિમુકત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે. | | |
| ૧૧ | જનરલ કેટેગરી/બિન અનામત વર્ગના બાળકો | | |
| **નોંધ** | અગ્રતાક્રમ (૯), (૧૦), (૧૧) માં આવતા બાળકો માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા લાગુ પડશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા તથા વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા ક્રમાનુસાર ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. | | |

પ્રવેશ મેળવવા માટે બાળકના વાલીએ www.rtegujarat.org વેબસાઈટ પર Right to Education : 2019-20 પર ક્લિક કરી અથવા https://rte.orpgujarat.com વેબસાઈટ પર તા.૦૫/૦૪/૨૦૧૯થી તા.૧૫/૦૪/૨૦૧૯ દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે કયા કયા આધાર-પુરાવા,કયાં અધિકારીના રજૂ કરવાના છે તે સહિતની તમામ વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. અરજદાર જરૂરી આધાર-પુરાવા એકઠા કરી ઓનલાઈન અરજી સમયમર્યાદામાં કરી શકશે તે માટે પ્રવેશની જાહેરાત અને ઓનલાઈન અરજી કરવાની તારીખ વચ્ચે જરૂરી સમયગાળો રાખવામાં આવેલ છે. Online ફોર્મ ભરવા માટે સ્વીકાર કેન્દ્રોની મદદ લઈ શકાશે. જે વાલી ઓન-લાઈન પ્રવેશ ફોર્મ ન ભરી શકતા હોય તે સ્વીકાર કેન્દ્ર પર જઈ કોરું પ્રવેશ ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી પરત આપશે તો, તેઓનું ફોર્મ સ્વીકાર કેન્દ્ર પર ઉપસ્થિત કર્મચારી દ્વારા ઓન-લાઈન ભરી આપવામાં આવશે. Online ભરેલાં પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી દસ્તાવેજી પુરાવાઓ સાથે નજીકના સ્વીકાર કેન્દ્ર ખાતે તા.૦૫/૦૪/૨૦૧૯ થી તા.૧૬/૪/૨૦૧૯ સુધીમાં જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન જમા કરાવવાના રહેશે.

તા.૨૫/૦૩/૨૦૧૯
સ્થળઃગાંધીનગર

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર